દાખલ તારીખ : ०૬/०૨/૨०૨૩
નોંધ્યા તારીખ : ०૬/०૨/૨०૨૩
ફેસલ તારીખ : ૧૨/०૬/૨०૨૬
અવધિ : ०૩ વર્ષ ०૪ માસ ०૬ દિવસ

---

**બાયડના મહે. એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ.બાયડ, જી. અરવલ્લી**

---

**ફોજદારી કેસ નંબર : ૯૨૫/૨०૨૩**

**આંક :- ૪૯**

**ફરીયાદી :-** **શ્રી સરકાર**

**વિરુધ્ધ.**

**આરોપી :-** માધુસિંહ અભેસિંહ બારીયા ઉ.વ. ૨૨
રહે. ખેમપુર, તા.લુણાવાડા, જી.મહિસાગર

**ગુનો ::- ભારતીય દંડ સંહીતાની કલમ ૨૭૯,૩०૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪(બી) અન્વયે**

---

**ફરીયાદી તર્ફે વિ.એ.પી.પી.શ્રી વી.બી.પ્રજાપતી**
**આરોપી તરફે વિ. વ. શ્રી એસ.આર.બલોચ**

---

| | | |
|---|---|---|
| જજમેન્ટ તારીખ | :- | ०૧/०૬/૨०૨૬ |
| ફોજદારી કેસ નંબર | :- | ૯૨૫/૨०૨૩ |
| પોલીસ સ્ટેશન | :- | સાઠંબા |
| પાર્ટ-એ/બી/સી ગુન્હા રજી નં. | :- | ૧૧૧૮८०૧૧૨००૩०૧ / ૨०૨૩ |
| ફરીયાદી | :- | શ્રી સરકાર ( ગોપાલભાઇ સોનાજી મારવાડી) |
| ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી | :- | શ્રી વી.બી.પ્રજાપતિ |
| આરોપી/ઓ | :- | માધુસિંહ અભેસિંહ બારીયા ઉ.વ. ૨૨ |

| | | |
|---|---|---|
| | | રહે. ખેમપુર, તા.લુણાવાડા, જી.મહિસાગર |
| આરોપીપક્ષે વિ.વ.શ્રી | :– | એસ.આર.બલોચ |
| ગુન્હો બન્યા તારીખ | :– | ૦૪/૧૦/૨૦૨૦ |
| એફ.આઈ.આર ની તારીખ | :– | ૦૫/૧૦/૨૦૨૦ |
| ચાર્જશીટની તારીખ | :– | ૦૬/૦૨/૨૦૨૩ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | :– | ૧૯/૦૭/૨૦૨૩ |
| પુરાવો નોંધવાનુ શરૂ કર્યા તારીખ | :– | ૦૮/૦૪/૨૦૨૪ |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ | :– | ૨૫/૦૫/૨૦૨૬ |
| જજમેન્ટની તારીખ | :– | ૧૨/૦૬/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | :– | લાગુ પડતુ નથી |

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયા ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે. | શું દોષી / નિર્દોષ | સજાની વિગત | ટ્રાયલ દરમીયાન યુ.ટી.પી. રહેલ સમયગાળો સી.આર.પી.સી. ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | માધુસિંહ અભેસિંહ બારીયા<br>ઉ.વ. ૨૨<br>રહે. ખેમપુર, તા.લુણાવાડા,<br>જી.મહિસાગર | **૧૧/૧૦/૨૦** | **૧૧/૧૦/૨૦** | **ઈ.પી.કો.કલમ– ૨૭૯,૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ – ૧૭૭,૧૮૪,૧૩૪(બી)** | – | – | – |

**<u>ફરીયાદપક્ષના સાક્ષીની વિગત</u> :–**

| ક્રમ | સાહેદ નં. (ચાર્જશીટ મુજબ) | આંક | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | ૦૧ | ૧૬ | ગોપાલભાઈ સોનાજી મારવાડી | અસલ ફરીયાદી |
| **૨** | ૦૬ | ૨૦ | રાજેશભાઈ સોનાજી મારવાડી | સાહેદ |
| ૩ | ૦૭ | ૩૨ | ગોપાલભાઈ બાબુજી મારવાડી | સાહેદ |
| ૪ | ૦૮ | ૨૩ | ગિરિશભાઈ જેણાજી મારવાડી | સાહેદ |
| ૫ | ૧૩ | ૪૧ | એ.એસ.આઇ. બાબુભાઈ ભીખાભાઈ બ.નં.૨૪ | પોલીસ સાહેદ |

**<u>ફરીયાદપક્ષે આપવામાં આવેલ આંકની વિગત</u>** :–

| ક્રમ | આંક | પુરાવાનો પ્રકાર | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૭ | અસલ ફરીયાદ | દસ્તાવેજી પુરાવો |
| ૨ | ૩૮ | પંચનામું | દસ્તાવેજી પુરાવો |
| ૩ | ૩૯ | ઈન્કવેસ્ટ પંચનામ | દસ્તાવેજી પુરાવો |
| ૪ | ૪૦ | પી.એમ.નોટ | દસ્તાવેજી પુરાવો |
| ૫ | ૪૨ | અસલ સુચીપત્ર | દસ્તાવેજી પુરાવો |
| ૬ | ૪૩ | ટેલીફોન વર્દી | દસ્તાવેજી પુરાવો |
| ૭ | ૪૪ | પી.એમ. નોટ આપવા બાબતેનો રીપોર્ટ | દસ્તાવેજી પુરાવો |
| ૮ | ૪૫ | લાસ સોંપ્યાની પહોંચ | દસ્તાવેજી પુરાવો |
| ૯ | ૪૬ | આર.સી.બુકની ઝેરોક્ષ નકલ તથા અન્ય દસ્તાવેજ઼ | દસ્તાવેજી પુરાવો |
| ૧૦ | ૪૭ | એક્સીડન્ટ રીપોર્ટ ફોર્મ | દસ્તાવેજી પુરાવો |

## <u>// ઠ રા વ //</u>

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૪/૧૦/૨૦૨૦ ના કલાક–૧૯/૩૦ વાગ્યે મોજે સાઠંબા ગામે આ કામના આરોપીએ પોતાના કબ્જાની મો.સા.નં.જી.જે.૦૭ બી.ક્યુ. ૫૭૨૭ નું પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીથી હંકારી લાવી આ કામના ભોગ બનનાર સોનાજી ઘર્માજી મારવાડીને ટક્કર મારી શરીરે ઓછાવત્તા પ્રમાણમાં ઈર્જાઓ કરી

મોત નિપજાવી ગુન્હો કરી,ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯,૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪,૧૩૪(બી) થી ગુન્હો નોંધાયા બાદ, આ કામના તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા સાહેદોના નીવેદનો લીધેલા અને તપાસના કામે જરૂરી પંચ નામાઓ કરેલા અને તપાસ ના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો પડતો હોઈ નામદાર કોર્ટમા હાલનુ ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) સદર કામે સમન્સ આરોપીને બજી જતા, આરોપી નામ.કોર્ટમાં હાજર રહેલ છે, આરોપી ને ક્રિ.પ્રો.કો.ક.૨૦૭ પ્રમાણે પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીની **આંક– ૦૭** થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. તેમાં તેઓએ ગુનો કબુલ ન હોવાનું જણાવતાં, હાલનું કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે મુલતવી રાખવામા આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાઓ પુરવાર કરવા માટે નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે :–

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | સાહેદ નં. (ચાર્જશીટ મુજબ) | આંક | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|---|
| ૧ | ૦૧ | ૧૬ | ગોપાલભાઇ સોનાજી મારવાડી | અસલ ફરીયાદી |
| ૨ | ૦૬ | ૨૦ | રાજેશભાઇ સોનાજી મારવાડી | સાહેદ |
| ૩ | ૦૭ | ૩૨ | ગોપાલભાઇ બાબુજી મારવાડી | સાહેદ |
| ૪ | ૦૮ | ૨૩ | ગિરિશભાઇ જેણાજી મારવાડી | સાહેદ |
| ૫ | ૧૩ | ૪૧ | એ.એસ.આઇ. બાબુભાઇ ભીખાભાઇ બ.નં.૨૪ | પોલીસ સાહેદ |

**દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ૧ | ૧૭ | અસલ ફરીયાદ |
| ૨ | ૩૮ | ગુનાવાળી જગ્યાનુ પંચનામું |
| ૩ | ૩૯ | ઈન્કવેસ્ટ પંચનામ |
| ૪ | ૪૦ | પી.એમ.રીપોર્ટ |

| | | |
|---|---|---|
| ૫ | ૪૨ | સુચીપત્ર |
| ૬ | ૪૩ | ટેલીફોન વર્દી |
| ૭ | ૪૪ | પી.એમ. નોટ આપવા બાબતેનો રીપોર્ટ |
| ૮ | ૪૫ | લાસ સોંપ્યાની પહોંચ |
| ૯ | ૪૬ | આર.સી.બુકની ઝેરોક્ષ નકલ તથા અન્ય દસ્તાવેર્જ |
| ૧૦ | ૪૭ | એક્સીડન્ટ રીપોર્ટ ફોર્મ |

(૪) ફરીયાદ પક્ષે ઉપર મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો આપ્યા બાદ,આ કામે આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવાલાયક પુરાવો જણાતો હોય આરોપીનુ વીશેષ નીવેદન લેવામાં આવેલ છે. જેમાં તેઓએ વિશેષમાં જણાવેલ છે કે, તેઓએ કોઈ ગુનો કરેલ નથી, આરોપી તદન નિર્દોષ છે. તેઓ આ કહેવાતા ગુના વિશે અજાણ છે. તેઓ નિર્દોષ હોય તેઓ ઉપર રહેમની નજર રાખી નિર્દોષ છોડવા અરજ કરેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી વી.બી.પ્રજાપતી તથા આરોપી પક્ષે વિ.વ. શ્રી એસ.આર.બલોચ ની દલીલો સાંભળી.

(૬) રેકર્ડ પરની સમગ્ર હકીકતો અને રજુ થયેલ તમામ પુરાવાઓને લક્ષમાં લેતાં, આ કેસની ઈન્સાફી કાર્યવાહીનો અંત લાવવા સારું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

**// મુદ્દા //**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૦૪/૧૦/૨૦૨૦ ના કલાક–૧૯/૩૦ વાગ્યે મોજે સાઠંબા ગામે આ કામના આરોપીએ પોતાના કબ્જાની મો.સા.નં.જી.જે.૦૭ બી.ક્યુ. ૫૭૨૭ નું પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીથી હંકારી લાવી આ કામના ભોગ બનનાર સોનાજી ઘર્માજી મારવાડીને ટક્કર મારી શરીરે ઓછાવત્તા પ્રમાણમાં ઈર્જાઓ કરી મોત નિપજાવી ગુન્હો કરી,ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯,૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪,૧૩૪(બી) **મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?**

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો કારણોસહિત નીચે મુજબ છે :–

(૧) નકારમાં.

(ર) આખરી હુકમ મુજબ.

**–– :: કા ર ણો :: ––**

(૮) ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે સૌપ્રથમ ફરીયાદ પક્ષે **આંક– ૧૬ થી ફરીયાદી : ગોપાલભાઇ સોનાજી મારવાડીને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે,બનાવ બે અઢી વર્ષ પહેલા બનેલો બનાવ સાંજના સાડા સાત વાગ્યે બનેલો બનાવ ચાંપલાવત ગામે વેદમૂર્તિ કંપની પાસે બનેલોઈ બનાવ સમયે હું ઘરે હતો. બનાવ સબંધે ગામમાંથી કહેવા આવેલ કે, તારા પપ્પાને અકસ્માત થયેલ છે. બનાવની જાણ થતા હું બનાવ વાળી જગ્યાએ જતો હતો તે દરમ્યાન મારા પિતાને ૧૦૮માં વાત્રક દવાખાને લાવેલ. હું બનાવવાળી જગ્યાએ ગયેલ અને મેં જોયેલ તો ત્યાં એક બાઇક પડેલી હતી. તેનો નંબર મને યાદ નથી. તે હોન્ડાની બાઇક હતી. પરંતુ તે ક્યુ મોડેલ હતુ તેની ખબર નથી. આ બનાવમાં મારા પિતાજી સારવાર દરમ્યાન ગુજરી ગયેલા. અકસ્માત કરનાર બાઇક છોકરો ચલાવતો હતો. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જે જોઇને હું છું કે મેં આપેલ તે જ ફરીયાદ છે. જેમાં ફરિયાદી તરીકે મારી સહી છે. ફરીયાદ રજુ દાખલ આંક–૧૭ આપેલ છે. સદર સાહેદે આરોપી પક્ષ તર્ફેની ઉલટતપાસમાં મુખ્યત્વે એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, કહેવાતા બનાવ સમયે હું ઘરે હતો. એ વાત ખરી છે કે, બનાવની મને કોઇ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે, ધોળીડુંગરી સાઠંબા રોડ ઉપર સતત નાના મોટા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, કહેવાતો બનાવ શિયાળાના સમયે બનેલો.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે **આંક– ૨૦ થી સાહેદ : રાજેશભાઇ સોનાજી મારવાડીને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, હાલનો બનાવ આશરે બે ત્રણ વર્ષ પહેલા સાંજના સાતેક વાગ્યે બનેલોઈ બનાવ સાઠંબા નજીક આવેલ જીનની બાજુમાં બનેલો.બનાવમાં અકસ્માતનો બનાવ બનેલો અકસ્માતનો બનાવ મારા પિતા સોનાજી ધર્માજી સાથે થયેલો. બનાવના રોજ મારા પિતા પેસાબ કરીને પરત આવતા હતા ત્યારે એક બાઇક ચાલકે મારા પિતાને ટક્કર મારેલી. ત્યારબાદ શું બનેલ તેની મને ખબર નથી. આ બનાવમાં મારા પિતાને ઈર્જાઓ થતા વાત્રક દવાખાને

સારવાર માટે લઇ ગયેલા અને સારવાર દરમ્યાન મારા પિતાજી ગુજરી ગયેલા. મારા પિતાને ટક્કર મારનાર બાઇકના નંબરની મને ખબર નથી. મારા પિતાને ટક્કર મારનાર બાઇક ચાલકને હું ઓળખતો નથી કે તેના વિશે મને પાછળથી પણ કાંઇ જાણવા મળેલ નથી. પોલીસે મારો કોઇ જવાબ લીધેલ નથી.સદર સાહેદે આરોપીપક્ષ તર્ફેની ઉલટતપાસમાં મુખ્યત્વે એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવની મને કોઇ જાતમાહીતી નથી. એ વાત ખરી છે કે, બનાવ સમયે હું ઘરે હતો.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે **આંક– ૨૩ થી સાહેદ : ગીરીશભાઇ જેણાજી મારવાડીને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, હાલનો બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલો.બનાવ સવારના છ વાગ્યાની આસપાસ બનેલો. બનાવ ચાંપલાવત ક્વોરીની સામે બનેલો. બનાવ સમયે હું ઘરે હતો. બનાવની જાણ મને ગોપાલભાઇએ કરેલી. બનાવમાં સોનાજી રોડ ક્રોસ કરતા હતા અને તે સમયે એક બાઇકવાળાએ ટક્કર મારેલી જેથી તેમને દવાખાને લઇ ગયેલા. આ સિવાય બીજુ કાંઇ હું જાણતો નથી. બાઇકના નંબરની કે તેના ચાલકની મને ખબર નથી. હું બાઇકના ચાલકને જોયેથી પણ ઓળખી શકુ નહી. સોનાજી સારવાર દરમ્યાન ગુજરી ગયેલા. સદર સાહેદે આરોપીપક્ષ તર્ફેની ઉલટતપાસમાં મુખ્યત્વે એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે હું ઘરે હતો.જેથી મને બનાવની કોઇ જાત માહીતી નથી.એ વાત ખરી છે કે, બનાવ સ્થળે ગયેલ પણ નથી.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે **આંક– ૩૨** થી **સાહેદઃ ગોપાલભાઇ બાબુજી મારવાડીને** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, બનાવ કઇ તારીખે બનેલ કે કેટલા સમય પહેલા બનેલ તેની મને ખબર નથી. બનાવમાં શું બનેલ તેની પણ મને ખબર નથી. હું કશું જાણતો નથી. આરોપીને હું ઓળખતો નથી. પોલીસે બનાવ બાબતે મારૂ કોઇ નિવેદન લીધેલ નથી. હું ગોપાલભાઇ સોનાજી મારવાડીને ઓળખતો નથી.

(૧૩) આ કામે ફરીયાદપક્ષે **આંક– ૪૧ થી પોલીસ સાહેદ : બાબુભાઇ ભીખાભાઇ બ.નં.૨૪** સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૪/૦૨/૨૦૨૦ના રોજ ૧૬/૩૦ વાગ્યે વાત્રક હોસ્પીટલ ડોક્ટરશ્રીએ નોંધાવેલ વર્ધી આધારે પી.એસ.ઓ. નટવરસિંહ અમરસિંહએ વર્ધી લખી લઇ પી.એસ.ઓ. રૂબરૂ ફરીયાદી ગોપાલભાઇ સોનાજી મારવાડીની ફરીયાદ

તેમના રૂબરૂની નોંધણી કરી આગળની તપાસ અમોને સોંપતા અમોએ તપાસ સંભાળી લઇ મરણજનારનું ઈન્કવેસ્ટ ભરવા માટેની તાજવીજ કરી મરણજનારની લાશનું ઈન્કવેસ્ટ ભરી પી.એમ. અર્થે સામુહીક આરોગ્ય કેન્દ્ર, બાયડ ખાતે મરણોત્તર ફોર્મ ભરી મોકલી આપેલી. ત્યારબાદ બનાવવાળી જગ્યાનું વિગતવારનું પંચનામું બે રાહદારી પંચોને બોલાવી તેમની હાજરીમાં કરેલુ અને આ કામે સાહેદોની તપાસ કરી તેમના લખાવ્યા મુજબના નિવેદનો લખી લઇ પી.એમ.નોટ મેળવવા યાદી કરેલી.અને પી.એમ. પુરૂ થયેલ હોય લાશને સોંપી આપેલ. પી.એમ. રીપોર્ટ આવેથી કામમાં સામેલ રાખેલ. અકસ્માત વાળી જગ્યાનું સ્થળ પરિક્ષણ કરવા માટે આર.ટી.ઓ. મોડાસા, અરવલ્લીને બોલાવેલ અને તેઓએ તૈયાર અકસ્માત રીપોર્ટ કામમાં સામેલ રાખેલ. આ કામના આરોપી માધુસિંહ અભેસિંહ બારીયા, રહે. ખેમપુર, તા. લુણાવાડાનાઓને તા.૧૧/૧૦/૨૦૨૦ ના કલાક ૧૨/૩૫ કલાકે ધોરણસર અટક કરી જામીન મુક્ત કરેલા. ત્યારબાદ અકસ્માતમાં સંડોવાયેલ વાહન મે.સા.નં– જી.જે.૦૭.બી.ક્યુ. ૫૭૨૭ ના કાગળો આરોપીએ રજુ રાખતા તે કામમાં સામેલ રાખેલા. ત્યારબાદ આ કામના આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી પુરતો પુરાવો જણાઇ આવતા નામ. કોર્ટમાં ચાર્જશીટ મોકલી આપેલુ.સદર સાહેદે આરોપીપક્ષ તર્ફેની ઉલટતપાસમાં મુખ્યત્વે એવી હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ વાળી જગ્યાએ ધોરી ડુંગરીથી સાઠંબા જવાનો રોડ આવેલ છે અને જ્યાં ઘણાબધા વાહનોની સતત અવર જવર ચાલુ રહે છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની નજીક વૈદમમતિ જેનિંગ મીલ આવેલી છે. જ્યાં ઘણાબધા માણસો સતત કામ કરતા હોય છે. એ વાત ખરી છે કે, બનાવ સમયે શિયાળો હતો અને અંધારૂ થઇ ગયેલ હતુ. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની આજુબાજુ ખેતરો આવેલા છે. એ વાત ખરી છે કે, મરણજનારના સગા સિવાય અન્ય કોઇ સાહેદોના સ્વતંત્ર નિવેદનો લીધેલા નથી તથા પુછવામા આવેલ અન્ય સજેશનોનો ઈન્કાર કરેલ છે.

(૧૪) આમ ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો તથા બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ ફરીયાદપક્ષે આરોપી સામે જે ગુનાનું તહોમત છે તે સાબીત કરવા માટે હાલના આરોપીએ બનાવ સમયે પોતાના કબજાનુ વાહન પુરઝડપે અને ગફલત ભરી રીતે કે બેદરકારી ભરી રીતે કે બેફામ રીતે ચલાવી અકસ્માત કરી મરણ જનારને ગંભીર ઈજાઓ કરી મોત નીપજાવી પોતાનુ વાહન લઈ નાસી જઈ ગુન્હો કરેલ હોવાનું સાબીત કરવામાં સફળ થાય તો જ આરોપીઓ વિરુધ્ધનું તહોમત સાબીત થઈ શકે.

(૧૫) આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાની અને કાયદાકીય જોગવાઈની એક સાથે ચર્ચા કરી પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, આ કામના આરોપી વિરૂઘ્ધ ઈ.પી.કો.ક.–૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪,૧૩૪(બી) મુજબના ગુનાનું તહોમત મુકવામાં આવેલ છે, ત્યારે આરોપી વિરૂઘ્ધના સદર ગુનાનું તહોમત સાબીત કરવા માટે ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવા પડે અને તે તત્વો શંકાથી પર પુરવાર થાય તો જ આરોપીને ઉપરોકત ગુનાની કલમો હેઠળ તકસીરવાન ઠરાવી શકાય. (૧) જાહેર રસ્તા ઉપર વાહન ચલાવવું અથવા સવારી કરવી. (૨) બેફામ અથવા બેદરકારીપૂર્વક અને જોખમી રીતે વાહન ચલાવવું.(૩) જેના કારણે બહુજન સમુદાય ની જીંદગી ભય માં મુકાય અથવા વ્યથા થવાનો સંભવ હોય. (૪)બીજાઓની જીંદગી કે શારીરીક સલામતી જોખમમાં મુકાય એવા કૃત્યથી વ્યથા કરવી.(૫) બીજાઓની જીંદગી કે શારીરીક સલામતી જોખમમાં મુકાય એવા કૃત્યથી મહાવ્યથા કરવી. (૬) એમ.વી.એકટની હેઠળ કરેલા કોઈ નિયમ કે જાહેરનામાનું ઉલ્લઘંન કરે.

(૧૬) ઉપર મુજબના આવશ્યક તત્વોને ઘ્યાનમાં લેવામાં આવે તો ફરીયાદપક્ષે આરોપી સામે આક્ષેપાયેલ ગુનો પુરવાર કરવા માટે આરોપીએ પોતાના કબજા ભોગવટાનું વાહન બેફામ અને બેદરકારી ભરી રીતે ચલાવી અકસ્માત કરેલ હોવાનું શંકાથી પર રહી પુરવાર કરવું પડે,જો ફરીયાદપક્ષ આરોપીએ પોતાના કબજા ભોગવટાનું વાહન બેફામ અને બેદરકારી ભરી રીતે ચલાવી અકસ્માત કરેલ હોવાનું શંકાથી પર રહી પુરવાર કરે તો જ આરોપીને તેની સામે આક્ષેપાયેલ ગુનામાં તક્ષીરવાર ઠરાવી શકાય અને ક્રિમિનલ જયુરીશપ્રુડન્સનો પાયાનો સિઘ્ધાંત છે કે,ફરીયાદપક્ષે પોતાનો કેસ શંકાથી પર રહી પુરવાર કરવાનો છે આરોપીએ પોતે નિદોર્ષ છે તેવું શંકાથી પર રહી પુરવાર કરવાનું નથી.આરોપીએ માત્ર શકયતાઓ દર્શાવવાની છે. કોઈ પણ પ્રકારનો પુરાવો હોય પણ તેમાં જયારે શંકાનું તત્વ પ્ર વેશે ત્યારે એવો પુરાવો ફરીયાદપક્ષની નિષ્ફળતામાં પરીણમે છે. એ એક શું સ્થાપિત સિઘ્ધાંત છે કે, શંકા આખરે શંકા છે, શંકા ગમે તેટલી દૃઢ અને મજબુત હોય તો પણ તે સાબિતીનું સ્થાન લઈ શકે નહી.

હવે આરોપી સામે આક્ષેપાયેલ ગુનાના ઉપરોકત પાયાના તત્વો તથા ક્રિમિનલ જયુરીશપ્રુડન્સનો પાયાનો ઉપરોકત સિઘ્ધાંત ઘ્યાને લઈને હાલના કામે રજુ થયેલ સાહેદોના પુરાવાનું એક સાથે મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામના **ફરીયાદી : ગોપાલ સોનાજી મારવાડી** ની સોગંદપરની જુબાની ઘ્યાને લઈએ તો આ ફરીયાદીએ આ કામે ફરીયાદમા જણાવવામા આવેલ

છે તે અકસ્માતનો બનાવ બનેલ હોવાની અને આ અકસ્માતના બનાવમા મરણજનાર **સોનાજી ધર્માજી મારવાડી** મરણ ગયેલ હોવાની અને આ મરણ અકસ્માતમા ઈજા **સોનાજી ધર્માજી મારવાડી**થી થયેલ હોવાની હકીકતો જણાવેલ છે. વધુમા, આ ફરીયાદીની સમગ્ર જુબાની ધ્યાને લેતા આ ફરીયાદીને આ અકસ્માતનો બનાવ બની ગયા બાદ આ બનાવની જાણ થયેલ છે જેથી આ ફરીયાદીને ખરેખર બનાવ કેવી રીતે બનેલ તેની કોઈ જાત માહીતી નથી અને આ ફરીયાદી પણ તેમની જુબાની દરમ્યાન બચાવપક્ષ દવારા કરવામા આવેલ ઉલટતપાસમા કબુલ કરેલ છે કે, આ બનાવ અંગેની મને કોઈ જાત માહીતી નથી ત્યારે આ ફરીયાદી દવારા જે હકીકતો જણાવવામા આવેલ છે તે પ્ર માણે ફકત અકસ્માત થયેલ હોવાની હકીકતો આ ફરીયાદીની જુબાનીને આધારે માની શકાય તે સિવાય આ અકસ્માત આરોપીની બેદરકારીને લીધે થયેલ હોવાની કોઈ હકીકત અન્ય સાક્ષીઓની જુબાનીના સમર્થન કે મજબુત પુરાવાની અવેજીમા પુરવાર થતી હોવાનુ માની શકાય નહી. વધુમા, આ કામે **આંક–૨૦** ની સાહેદ રાજેશ સોનાજી મારવાડી, તેમજ, **આંક–૨૩** ના સાહેદ ગીરીશભાઈ જેણાજી મારવાડી, તેમજ, **આંક–૩૨** ના સાહેદ ગોપાલભાઈ બાબુજી મારવાડી ની જુબાની ધ્યાને લેતા આ તમામ સાહેદોને પણ બનાવ અંગે કોઈ જાતમાહીતી ન હોવાનુ અને બનાવની જાણ પાછળથી થયેલ હોવાનુ જણાય આવે છે. જેથી આ તમામ સાહેદોની જુબાનીમા આ અકસ્માતનો બનાવ કઈ રીતે અને કોની બેદરકારીને કારણે બનેલો ? અકસ્માત બન્યો ત્યારે વાહનની ગતી શું હતી? અકસ્માતનો બનાવ ચોકકસ કઈ રીતે બન્યો ? તે માહેની એક પણ હકીકત રેકર્ડ પર આવેલ નથી કે ફરીયાદ પક્ષ બહાર લાવી શકેલ નથી. તેમજ, આ સીવાય આ કામે આંક–૪૧ થી ત.ક.અમલદાર સાહેદ બાબુભાઈ ભીખાભાઈ બકકલ નં.–૨૪, કે જેઓએ આ કામે આરોપી સામે તપાસ કરી ચાર્જશીટ કરેલ છે તેમની જુબાનીમા પણ તેઓએ ફકત પોતે ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી ની વિગતો જણાવેલ છે તે સિવાય આ કામના આરોપીને તકસીરવાન ઠેરવી શકાય તેવી કોઈ હકીકત આ સાહેદની જુબાનીમા બહાર આવતી નથી. એ ખરુ કે, આ કામે બનાવવાળી જગ્યાનુ પંચનામુ તેમજ, ઈન્કવેસ્ટ પંચનામુ અને મરણ પામનારનુ પીએમ રીપોર્ટ સહિતના દસ્તાવેજો રજુ કરવામા આવેલ છે. પરંતુ, આ પંચનામા અને દસ્તાવેજો માની લેવામા આવે તો પણ આરોપીની બેદરકારીને લીધે આ ઈજાઓ થયેલ હોવાનુ અને તે ઈજાઓને કારણે મરણ જનારનુ અવસાન થયેલાનુ પુરવાર થતુ નથી. આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવાઓનું પુરાવાકીય રીતે અવલોકન કરીએ તો ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ તમામ મૌખિક

અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા હાલના આરોપીએ તા.૦૪/૧૦/૨૦૨૦ ના કલાક–૧૯/૩૦ વાગ્યે મોજે સાઠંબા ગામે પોતાના કબ્જાની મો.સા.નં.જી.જે.૦૭ બી.ક્યુ. ૫૭૨૭ નું પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીથી હંકારી લાવી સોનાજી ઘર્માજી મારવાડીને ટક્કર મારી શરીરે ઓછાવત્તા પ્રમાણમાં ઈર્જાઓ કરી મોત નિપજાવી ભારતીય દંડ સંહીતાની કલમ–૨૭૯,૩૦૪(અ) તથા મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૭, ૧૮૪,૧૩૪(બી) મુજબનો શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ હોવાનું પુરવાર થતુ નથી. આરોપી સામેનો આક્ષેપીત ગુનો પુરવાર કરવા માટેના ઉપરોકત નોંધ્યા મુજબના આવશ્યક તત્વો શંકાથી પર રહી પુરવાર થતા ન હોય ક્રિમીનલ જયુરીશપ્રુડન્સના પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો છે અને આરોપી પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા હોય ત્યાં તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. તેથી ઉપરોકત કરેલ ચર્ચા અને કારણોસર ફરીયાદ પક્ષ પોતાનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

<u>**:: હુકમ ::**</u>

(૧) આ કામના **આરોપી માઘુસિંહ અભેસિંહ બારીયા,** રહે. ખેમપુર, તા. લુણાવાડા,જી. મહીસાગર નાઓને ક્રિ.પ્રો.કો.ક.–૨૫૫(૧) અન્વયે, ઈ.પી.કોડ ની કલમ ૨૭૯, ૩૦૪(અ) તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪,૧૩૪(બી) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૨) આરોપીએ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ–૪૩૭(એ) અનુવ્યે રૂા.૫૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર) પૂરાનાં છ મહીનાનાં સમય ગાળા સુધીનાં સધ્ધર જામીન તથા જાત મુચરકા અત્રેની અદાલત માં રજુ કરવાં હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૧૨ મી, માહે : જુન સને : ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| બાયડ<br>તા.૧૨/૦૬/૨૦૨૬<br>S.A.VAGHELA<br>STENO | ( વિજય ચંદુલાલ મકવાણા )<br>એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ<br>બાયડ<br>કોડ નં. જી.જે. ૦૦૯૯૭ |